# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૬-૧૦-૨૦૨૪ બુધવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## કેન્દ્ર-મોંઘવારી ભથ્થુ:

કેન્દ્રીય કર્મચારીઓને મળનારા મોંઘવારી ભથ્થામાં 3%નો વધારો કરવામાં આવ્યો છે. આજરોજ મળેલી કેબિનેટની બેઠકમાં મોંઘવારી ભથ્થુ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દિવાળી પહેલાં આ વધારા બાદ મોંઘવારી ભથ્થું 50%થી વધીને 53% થઈ ગયું છે. લગભગ 52 લાખ કેન્દ્રીય કર્મચારી અને 60 લાખ પેન્શનરને તેનો લાભ મળશે.

- (NP, નેહલ ઠક્કર)

---

## રાજ્ય સરકાર-પગાર, પેન્શન ચુકવણી:

દિવાળીના તહેવારોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર અને પેન્શનની આગોતરી ચૂકવણી કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નાણા વિભાગને આપેલા નિર્દેશ અનુસાર સરકારી કર્મચારીઓ તેમજ પેન્શનર્સને ઑક્ટોબર માસનો પગાર 23થી 25 તારીખ દરમિયાન ચૂકવવામાં આવશે. વિવિધ કર્મચારી મંડળો , એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા આ સંદર્ભે મળેલી રજૂઆતની પ્રતિસાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

- (RNU અમદાવાદ)

---

## કંડલા-ગેસ ગળતર:

કંડલામાં એક ખાનગી કંપનીમાં શંકાસ્પદ ગેસ ગળતર થતા પાંચ શ્રમિકોના મોત થયાના અહેવાલ છે. ઇમામી એગ્રો ટેક કંપનીમાં વહેલી સવારે ટાંકાની અંદર સફાઈ દરમિયાન ગેસ ગળતરથી રૂંધાઈ જતા કામદારોના મોત થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રામબાગની સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ-ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થ નમુના:

રાજ્યમાં 3 થી 17 ઓક્ટોબર સુધી ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી છે તેમજ નવરાત્રી , દશેરા અને દિવાળી અન્વયે ફૂડ વિભાગ દ્વારા ખોરાકના નમૂના લેવાની કામગીરી કરવામાં આવી રહી છે.

કચ્છ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ કચેરીના અધિકારી અમિત પટેલે માહિતી આપતા જણાવ્યું કે, તહેવારોને ધ્યાને લઇ ખોરાક વિભાગે 121 ખાદ્ય પદાર્થના નમૂના લીધા છે જે તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

દરમ્યાન, ખોરાક બનાવતી વખતે રાખવાની થતી કાળજી તેમજ જરૂરી સૂચનો આપવા ફૂડ વિભાગની ટીમ દ્વારા હોટલો, ફેકટરીઓ, મોટા આઉટલેટમાં જઈ માહિતી આપવા સાથે નાના ધંધાર્થીઓ માટે લાયસન્સ રજિસ્ટ્રેશન કેમ્પ યોજવામાં આવ્યા હતા.

- (NP, નેહલ ઠક્કર)

---

## નેત્રમ-પૂર્વ કચ્છ:

પૂર્વ કચ્છ ગાંધીધામ શહેરમાં કાયદો , વ્યવસ્થા તેમજ નિયમો અને ટ્રાફિક વ્યવસ્થાનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી “વિશ્વાસ” પ્રોજેક્ટ હેઠળ આ સંકુલમાં જુદી જુદી જગ્યાએ નેત્રમ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવામાં આવ્યા છે જે કેમેરા મારફતે ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ આવા લોકોને ઇ-ચલણ આપવામાં આવે છે તેમજ સી.સી.ટી.વી. કેમેરા મારફતે ગુનાઓના શોધનની કામગીરી, ગુમ થયેલા લોકોની શોધનની કામગીરી પણ કરવામાં આવે છે.

નેત્રમ કેમેરાની મદદથી પૂર્વ કચ્છના જુદા જુદા પોલીસ મથકોમાં નોંધાયેલા 750થી વધુ ગુના શોધી કાઢી પૂર્વ કચ્છ નેત્રમ ટીમ સમગ્ર રાજ્યમાં શોધ કેટેગરીમાં પ્રથમ નંબરે રહી હતી.

ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસવડા વિકાસ સહાયએ અન્ય અધિકારીઓની હાજરીમાં પૂર્વ કચ્છ પી.એસ.આઇ. જે. જી. રાજને સન્માનપત્ર આપી નેત્રમમાં ફરજ બજાવતા 18 પોલીસકર્મી, અને પાંચ ઇજનેરોની કામગીરીને બિરદાવી હતી.

ઉલ્લેખનીય છે કે, નેત્રમ ટીમનું સારી કામગીરી બદલ અત્યાર સુધી કુલ ૯ વખત સન્માન થયું છે.

- (NP, નેહલ ઠક્કર)

---

## રામાણીયા-સેવા સેતુ કાર્યક્રમ:

મુંદરા તાલુકાના રામાણિયા ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન **11** ગામની **659** અરજીનો સ્થાનિકે નિકાલ કરાયો હતો. રામાણિયા ગ્રામ પંચાયત સંકુલમાં સેવાસેતુ કાર્યક્રમમાં રસીકરણ, હેલ્થ-વેલનેસ કાર્ડ, ડાયાબિટીસ - બીપી ચેકઅપ, આધારકાર્ડ, રાશનકાર્ડ નામ દાખલ કે નામ/અટક સુધારો , આવકના દાખલા વગેરે જેવી અરજીઓની કામગીરી થઈ હતી. ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાની તથા સહાય અંગેની માહિતી અપાઈ હતી.

- (NP, નેહલ ઠક્કર)

---

## જીલ્લા વિકાસ અધિકારી-પૂર્ણા યોજના:

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગના સંકલન દ્વારા પૂર્ણા યોજના વિશે અંદાજિત 75 કિશોરીઓને **ITI** મા સરકારની વિવિધ યોજના વિશે માહિતગાર કરવામાં આવી હતી.

કિશોરીઓને આહાર , પોષણ, પૂર્ણા શક્તિનું મહત્વ સમજાવી મહત્તમ ઉપયોગ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. **BMI, IFA**ની ગોળી વિશે તેમજ **HB** વિશે કિશોરીને જિલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટ દ્વારા માહિતી આપવામાં આવી . **SHE** ટીમ દ્વારા સાઇબર ક્રાઇમ , ગુડ ટચ - બેડ ટચ વિશે પ્રાયોગિક ડેમો દ્વારા કિશોરીઓની સમજ આપવામાં આવી તેમજ કિશોરીને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું.

- (RNU અમદાવાદ)

---

## વાતાવરણીય વિષમતા:

હવામાન વિભાગે રાજ્યમાં ગરમી વધવાની શક્યતા વ્યક્ત કરી છે. આગામી ચારથી પાંચ દિવસ સુધી રાજ્યમાં સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થઈ શકે છે.

દરમિયાન કચ્છ માં વાતાવરણીય વિષમતાના કારણે ઋતુજન્ય બિમારીએ માથું ઉંચકયું છે. વાતાવરણમાં પલટા સા થે કમોસમી વરસાદ પડતાં તાવ શરદી નું પ્રમાણ વધ્યું છે. જિલ્લામાં વાયરલ ફિવરના દૈનિક ૫00થી વધુ કેસ નોંધાઈ રહયા છે.

- (RNU અમદાવાદ **NP**, નેહલ ઠક્કર)

---